# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-02-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ શનિવારે અમદાવાદના સાણંદમાં માઇક્રૉન ટૅક્નોલૉજીના અદ્યતન ATMP પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે**
2. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, આદિવાસી કલ્યાણ અને ઉત્કર્ષ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ.**
3. **રાજ્યના યાત્રાધામોમાં અને તહેવાર દરમિયાન વિજ વિતરણ માળખાનું આધુનિકીકરણ કરાશે.**
4. **અમદાવાદનાં સ્થાપના દિવસ નિમિત્તે નગરદેવી ભદ્રકાળી માતાજીની ભવ્ય નગરયાત્રા યોજાઈ.**
5. **રાજકોટમાં યોજાયેલી મહિલાઓની વેસ્ટ ઝૉન હૅન્ડબૉલ સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમ વિજેતા બની**

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## SANAND SEMI CONDUCTOR PM

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ 28 તારીખે અમદાવાદના સાણંદમાં માઇક્રોન ટૅક્નોલૉજીના અદ્યતન ATMP એટલે કે, ઍસેમ્બલિ, ટૅસ્ટિંગ, માર્કિંગ અને પેકેજિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. સાણંદમાં માઇક્રોન સેમિ-કન્ડક્ટર ટૅક્નોલૉજી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા 22 હજાર 516 કરોડ રૂપિયાનું રોકાણ કરાયું છે. રાજ્યમાં માઇક્રૉનની ATMP સુવિધા શરૂ થવાથી દેશમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે નવી ક્રાન્તિનો શુભારંભ થશે.**

(VOICECAST: પ્રવેશ અડિએચા )

*(.... સાણંદમાં માઇક્રોનના પ્લાન્ટમાં ATMP સુવિધા છે, જેમાં SSD એટલે કે, સૉલિડ સ્ટેટ ડ્રાઇવ-હાર્ડ ડિસ્ક ડ્રાઇવ પ્રકારના સ્ટૉરેજ માટેનું આધુનિક ઉપકરણ અને રૅમ પ્રકારના DRAM અને NAND ઉત્પાદન તૈયાર કરાશે. આ માટે સાણંદ પ્લાન્ટમાં હાલ બે હજાર લોકો કામ કરી રહ્યા છે અને આગામી સમયમાં પાંચ હજાર લોકોને રોજગારીની તક ઉપલબ્ધ થશે. માઇક્રોનની ટીમના જણાવ્યા મુજબ, આ મેગા સેમિ-કન્ડક્ટર પ્લાન્ટ A.I. એટલે કે, કૃત્રિમ બુદ્ધિમત્તા ટૅક્નોલૉજીના ભવિષ્યને સશક્ત બનાવશે.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

----------

## HARSH SANGHAVI NMD

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, આદિવાસી સમુદાયના કલ્યાણ અને ઉત્કર્ષ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. નર્મદાના ડેડિયાપાડામાં આદિવાસી સંમેલન– આદિવાસી ગૌરવ અભિવાદન સમારોહને સંબોધતા શ્રી સંઘવીએ

કહ્યું, આદિવાસી વિસ્તાર અને સમગ્ર રાજ્યના વિકાસ, માટે કાર્યશીલ જનપ્રતિનિધિઓ સમાજનું ગૌરવ છે.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

----------

## BOARD EXAM OVERALL

રાજ્યભરમાં એક હજાર 701 કેન્દ્ર પર આજથી ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો. રાજ્યના પરીક્ષા કેન્દ્રો પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ધોરણ 10 માં આજે ગુજરાતી અને ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્ર વિષયની પરીક્ષા હતી.

છોટાઉદેપુરમાં વિજ્ઞાન પ્રવાહમાં 1 હજાર 200 થી વધુ અને સામાન્ય પ્રવાહમાં 23 હજાર જેટલા વિદ્યાર્થી પરીક્ષા આપી રહ્યા છે. પ્રયોજના વહીવટદાર કલ્પેશકુમાર શર્માએ વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી. ધોરણ 10ની વિદ્યાર્થિની નિયતિ રાઠવાએ ગુજરાતીના પ્રશ્નપત્ર અંગે પ્રતિક્રિયા આપી.

(BYTE : NIYATI RATHVA)

અરવલ્લીમાં જિલ્લા શિક્ષણ અધિકારી ઉષા ગામીતે 127 પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપનારા 31 હજાર 310 વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી.

(BYTE- USHA GAMIT, DEO)

ગીરસોમનાથમાં વેરાવળ ખાતે સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને સોમનાથ મહાદેવની ભેટ સ્વરૂપે પેન આપી શુભકામના પાઠવાઈ. તો અંબાજીમાં અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓ માટે બન્ને સમયે નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સુરતમાં ધોરણ 12 સામાન્ય પ્રવાહનાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિનીએ કોઈ પણ લહિયાની મદદ વગર સ્વબળે લેપટોપ પર ટાઈપ કરી પરીક્ષા આપી હતી.

વિદ્યાર્થિનીને પ્રોત્સાહન આપવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિશેષ મંજૂરી અપાઈ છે. આ ઉપરાંત બારડોલીમાં મેડિકલ ઇમરજન્સી અને ઇજાગ્રસ્ત વિદ્યાર્થીઓએ પણ કોઈની સહાય વગર પેપર લખી મક્કમતા બતાવી હતી.

આણંદમાં સાંસદ મીતેશ પટેલે અને પશ્ચિમ કચ્છના ભુજ ખાતે કલેક્ટરે પરિક્ષાર્થીઓને તિલક કરી મીઠું મો કરાવી સ્વાગત કર્યું.  ઉપરાંત ભાવનગરની જય જનની વિદ્યા સંકુલમાં વિદ્યાર્થીઓનું ભવ્ય સ્વાગત કરાયું.

પાટણમાં જિલ્લા પોલીસ વડા વિ. કે. નાઈ અને જિલ્લા શિક્ષણ અધિકારીએ ગુલાબનું ફૂલ અને પેન આપી વિદ્યાર્થીઓને આવકાર્યા.

ભરૂચમાં જિલ્લા શિક્ષણ અધિકારી અને પૂર્વ ધારાસભ્ય દુષ્યંત પટેલે પરીક્ષા કેન્દ્ર પર પહોંચી પરીક્ષાર્થીઓને શુભકામના પાઠવી.

વલસાડમાં જિલ્લા કલેકટર ભવ્ય વર્માએ પરીક્ષાર્થીઓનો ઉત્સાહ વધાર્યો.

તો નર્મદામાં ધોરણ 10માં 170 વિદ્યાર્થી, ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં 54 અને વિજ્ઞાન પ્રવાહમાં 13 વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા.

દમણ અને દીવમાં પરીક્ષાનો પ્રથમ દિવસ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયો, પરીક્ષા કેન્દ્રની આસપાસ ભીડ જમા ન થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી.

----------

**YATRADHAM VIKAS JOGVAI**

રાજ્યના યાત્રાધામોમાં પ્રવાસન, મંદિરની કામગીરી તથા તહેવારો દરમિયાન સતત વીજ પૂરવઠો મળી રહે તે માટે વીજ વિતરણ માળખાનું આધુનિકીકરણ કરાશે. યાત્રાધામના વિસ્તારોને હરિયાળા અને વીજ સલામત વિસ્તારમાં વિકસિત કરવા 100 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

પ્રારંભિક તબક્કે દ્વારકા, સોમનાથ, અંબાજી અને પાલીતાણા યાત્રાધામના વિસ્તારોને અગ્રતા આપી તેને હરિયાળા અને વીજ સલામત વિસ્તારમાં વિકસિત કરવાની યોજના રજૂ કરવામાં આવી છે. તેનાથી અંડર ગ્રાઉન્ડ નેટવર્ક, વ્યવસ્થિત વિતરણ પ્રણાલિ અને આધુનિક સુવિધાઓ થકી યાત્રાધામના સૌંદર્યમાં વધારો કરાશે. યાત્રાળુઓની વીજ સુરક્ષા માટે અને યાત્રાધામને ઉર્જા આત્મનિર્ભર બનાવા માટેની કામગીરી પણ કરાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...................................

## AHMEDABAD AIRPORT – GOLD CHORI

અમદાવાદ કસ્ટમ વિભાગે અબુ ધાબીથી અમદાવાદ આવી રહેલા એક પ્રવાસી પાસેથી અંદાજે પાંચ લાખ રૂપિયાથી વધુની કિંમતનું સોનું કબજે કર્યું હતું. આ પ્રવાસીની શંકાસ્પદ હલચલના કારણે તેને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તે શરીરમાં આ સોનું સંતાડીને લાવ્યો હોવાનું જણાયું છે. પૂછપરછ દરમિયાન પ્રવાસીએ આ વાત સ્વીકારી હતી.

----------

## AMD BHADRAKALI NAGARYATRA

**સાબરમતીના તટે વસેલા અને ઐતિહાસિક સ્થાપત્યોની ધરોહરને સાચવીને બેઠેલા અમદાવાદ શહેરનો આજે સ્થાપના દિવસ છે. વૈશ્વિક ધરોહર શહેર તરીકેની ઓળખ મેળવનારા અમદાવાદમાં આજે ઐતિહાસિક વારસા અને આધુનિકતાનો સંગમ જોવા મળી રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ લોકોને આ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.**

**બીજી તરફ, અમદાવાદનાં નગરદેવી માઁ ભદ્રકાળીની 6.25 કિલોમીટરની ભવ્ય નગરયાત્રા યોજાઈ. સીસમના લાકડામાંથી બનાવેલી પાલખીમાં બિરાજમાન થઈ ભદ્રકાળી માતાજીએ ભક્તોને સામે ચાલીને દર્શન આપ્યાં. સવારે પહિંદ વિધિ બાદ માતાજીનાં રથને પ્રસ્થાન કરાવાયા બાદ નગરયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. આ નગરયાત્રામાં માતાજીનો રથ, નાસિક ઢોલ, અખાડાના કલાકાર, ભજનમંડળીઓ અને મોટી સંખ્યામાં વાહનોનો કાફલો જોડાયો હતો. હવે સાંજે ભદ્રકાળી મંદિરમાં લોકડાયરો યોજાશે.**

----------

# BAHUCHARAJI FREE BUS

મહેસાણાના બહુચરાજી મંદિર ટ્રસ્ટ દ્વારા માઇભક્તો માટે દર પૂનમે બહુચરાજીથી અંબાજી સુધી નિઃશુલ્ક બસ સેવા શરૂ કરાશે. આગામી ત્રીજી માર્ચે બસ સવારે 5.30 વાગ્યે બહુચરાજીથી અંબાજી માટે રવાના થશે. આ સેવાનો લાભ લેવા યાત્રાળુઓએ મંદિરના ભેટ કેન્દ્રમાં પોતાનું નામ નોંધાવવાનું રહેશે.

. . . . . . . . . . . . . .

# RAJKOT HANDBALL SPORTS

રાજકોટમાં યોજાયેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વેસ્ટ ઝોન હેન્ડબોલ મહિલા ટૂર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમે સુવર્ણ ચંદ્રક જીત્યો છે. આજે આ સ્પર્ધાની ફાઈનલ મૅચમાં સૌરાષ્ટ્રની ટીમે યુનિવર્સિટી ઑફ રાજસ્થાનને 24-20ના સ્કોરથી મ્હાત આપી.

સાથે જ યુનિવર્સિટી ઑફ રાજસ્થાને રજત અને વડોદરાની પારૂલ યુનિવર્સિટીએ કાંસ્ય ચંદ્રક, તો ભાવનગર યુનિવર્સિટીએ ચોથો ક્રમ મેળવ્યો છે. હવે આ ચારેય ટીમ આવતા મહિને કેરળમાં યોજાનારી અખિલ ભારતીય વિશ્વવિદ્યાલય હેન્ડબૉલ સ્પર્ધામાં ભાગ લેશે.

----------

# SABARMATI SHILP SAMAGAM MELO

કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉક્ટર વિરેન્દ્ર કુમારે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે શિલ્પ સમાગમ્ મેળાનો પ્રારંભ કરાવ્યો. તેમણે આ મેળાને માત્ર ઉત્પાદનોનું પ્રદર્શન નહીં, પણ આત્મનિર્ભરતા, સન્માન અને સામાજિક સશક્તિકરણનો ઉત્સવ ગણાવ્યો. તેમણે કહ્યું, આ મેળો દેશના લક્ષિત વર્ગોને આર્થિક રીતે સશક્ત બનાવવા અને તેમને સમાજની મુખ્યધારા સાથે જોડવાની દિશામાં મંત્રાલયની પ્રતિબદ્ધતાનું પ્રતિક છે.

(BYTE: DR. VIRENDRA KUMAR, UNION MINISTER)

ઉલ્લેખનીય છે કે, આગામી ચાર માર્ચ સુધી યોજાનારા આ મેળામાં 14 રાજ્યના કારીકરોએ 75 સ્ટૉલ ફાળવવામાં આવ્યા છે. તેમાં બનારસી સાડી, ચંદેરી અને માહેશ્વરી વસ્ત્રો, ભાગલપુરી તસર સિલ્ક, જયપુરી અને કોલ્હાપુરી પગરખાં, અકીક સ્ટૉન વર્ક, વાંસની બનાવટ, કોટા ડોરિયા તથા ગાલિચા સહિત વિવિધ હસ્તકળા ઉત્પાદનો પ્રદર્શિત કરાયા છે.

----------

## CM PRAKRUTIK KHETI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં યોજાયેલા એક સમારોહમાં છ કરોડ 97 લાખ રૂપિયાની પ્રોત્સાહક સહાય ખેડૂતોના બૅન્ક ખાતામાં જમા કરાવી. આ પ્રસંગે તેમણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતીને ખૂબ જ ઝડપથી અપનાવવા તથા તેનાથી ઉત્પાદિત થયેલા પાકનો વ્યાપક ઉપયોગ કરવા આહ્વાન કર્યું.

સમારોહમાં ઉપસ્થિત કૃષિમંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, ખેડૂતો રસાયણમુક્ત ખેતી કરતા થાય તે માટે પ્રાકૃતિક ખેતી પરનું રાષ્ટ્રીય અભિયાન સમગ્ર દેશમાં શરૂ કરાયું છે. તેના દ્વારા ખરીફ અને રવિ મોસમ માટે એકર-દીઠ બે હજાર રૂપિયાની સહાય અપાય છે.

----------